# કમલમ્‌માં ભૂપેન્દ્ર પટેલ પર શુભેચ્છાની વર્ષા



## પદનામિત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સીધા જ ત્રિ-મંદિર આર્શીવાદ લેવા પહોંચ્યા

### દાદાભગવાનના ભક્ત હોવાના કારણે જ તેઓ પોતાના વિધાનસભા વિસ્તારમાં "દાદા" તરીકે ઓળખ ધરાવે છે

અમદાવાદ, તા.૧૨

ગુજરાતના ૧૭માં મુખ્યમંત્રી તરીકે આવતીકાલે શપથ પણ તેઓ પોતાના સૌમ્ય સ્વભાવના કારણે દરેક પક્ષ સાથે તાલમેલ સાધીને ચાલે છે. દરમિયાન હંમેશા હાજર રહેતા હતા. દાદા ભગવાનમાં તેઓ અનન્ય આસ્થા ધરાવે છે. તેના



ગ્રહણ કરનાર ભૂપેન્દ્ર પટેલનું વ્યકિતત્વ ખુબ જ અલગ છે. તેઓના નામની જાહેરાત થતાની સાથે જ ન માત્ર ગુજરાતની જનતા પરંતુ ભાજપના ધારાસભ્યો પણ ચોંકી ઉઠ્યા હતા. તેઓ દાદાભગવાનના અન્ય ભક્ત છે. અને તેના કારણ જ તેઓ પોતાના વિધાનસભા વિસ્તારમાં "દાદા" તરીકેની ઓળખ ધરાવે છે. તેઓ રાજકીય ક્ષેત્રે ઘણા લાંબા સમયથી સક્રિય રહ્યા છે. જો કે તેમ છતા

ભૂપેન્દ્ર પટેલનો એક તકીયા કલામ છેકે મારો કોઇ દુશ્મન જ નથી. તેઓ હંમેશા દરેક પક્ષ સાથે સુમેળ સાધીને ચાલવા માટે પંકાયેલા છે. તેઓ રાજ્યપાલને મળ્યા બાદ સીધા જ દાદા ભગવાનના ત્રિમંદિર ખાતે દર્શન કરવા માટે પહોંચશે. અત્રે ઉલ્લેખનીય છે કે, પોતાના ધારાસભ્ય તરીકેના કાર્યકાળ દરમિયાન પણ તેઓ દાદાભગવાનના મંદિરે આરતી

કારણે જ લોકો તેમને ભૂપેન્દ્ર દાદા તરીકે જ ઓળખે છે.

## પાલનપુર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણીમાં ૫૫ ઉમેદવારી પત્રો પરત ખેંચાયા

### નિયામક મંડળના ૧૬ સભ્યો માટે બે પેનલના ૩૨ ઉમેદવારો મેદાનમા : માર્કેટયાર્ડની ચૂંટણીમાં વર્તમાન અને પૂર્વ ચેરમેનની પેનલો વચ્ચે સીધો જંગ

પાલનપુર, તા. ૧૨

પાલનપુર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સંચાલક મંડળના ૧૬ સભ્યોની ચૂંટણીમાં ૮૭ ઉમેદવારી પત્રો ભરાયા હતા જે બાદ નામાંકન પત્રો પરત ખેંચવાની પ્રક્રિયામાં ૫૫ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો પરત ખેંચતા ચૂંટણી ચિત્ર ક્લીન બન્યું છે અને ૧૬ બેઠક માટે બે પેનલના ૩૨ સભ્યો ચૂંટણી મેદાન માં રહ્યા છે.

પાલનપુર માર્કેટયાર્ડના નિયામક મંડળના ૧૬ સભ્યોની ચૂંટણી માટે ૮૭ ઉમેંદવારી પત્રો ભરાયા હતા જેમાં શુક્રવારે ઉમેદવારી પત્ર પરત ખેંચવાના પ્રક્રિયામાં ૫૫ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચતા હવે વર્તમાન ચેરમેન ફતાભાઈ ઘરીયા અને પૂર્વ ચેરમેન સોમાભાઈ પટેલની પેનલના ૩૨ સભ્યો ચૂંટણી રેસમાં સામ સામે આવ્યા છે જેમાં ખેડૂત મત વિભાગની ૧૦ બેઠક માટે ૨૦ ,વેપારી મત વિભાગની ૪ બેઠક માટે ૮ અને સહકારી ખરીદ વેચાણ મત વિભાગની ૨ બેઠક માટે ૪ ઉમેદવારો વચ્ચે આગામી ૧૮ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી જંગ યોજાશે જોકે પાલનપુર માર્કેટયાર્ડની ચૂંટણીમાં ભાજપની જ બે પેનલો સામ સામે આવતા રાજકીય અને સહકારી ક્ષેત્રે ગરમાવો છવાયો છે

## મહેસાણાનું પાણી પીધું છે એમ કોઈપણ હલાવી ન શકે

### મહેસાણામાં નીતિન પટેલનું નિવેદન : નીતિન પટેલે ૬૨ કરોડના ખર્ચે બનેલા મહેસાણા- રાધનપુર રોડથી મોઢેરા રોડને જોડતા કમળ પથનું લોકાર્પણ કર્યું

મહેસાણા, તા.૧૨

ગુજરાતના કાર્યકારી નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ નીતિન પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું કે, મને કોઈ કાઢી શકે તેમ નથી. જ્યાં સુધી હું લાખો આંદોલન હોય કે કોંગ્રેસની સરકારનો સમય ખુબ ડંડા ખાધા છે. મે અનેક સરકારો આવતી



ભાજપની કાર્યકારીની બેઠક પુર્ણ થતા જ સીધા મહેસાણા ખાતે પહોંચ્યા હતા. મહેસાણા ખાતે ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૬૨ કરોડના ખર્ચે બનેલા મહેસાણા- રાધનપુર રોડથી મોઢેરા રોડને જોડતા કમળ પથનું લોકાર્પણ કર્યું હતું. ત્યાર બાદ જાહેર સભા સંબોધી હતી.

લોકોનાં હૃદયમાં છું ત્યા સુધી મને કોઈ કાઢી શકે તેમ નથી. હું મહેસાણાનું પાણી પીધેલો અસલ પાટીદાર છું. એમ કોઈ મને કાઢી શકે તેમ નથી.

નીતિન પટેલે જણાવ્યું કે, ૩૦ વર્ષથી હું ભાજપ સાથે સંકળાયેલો છું. અનેક ચડતી પડતી મે જોઈ છે. નવનિર્માણ અને જતી જોઈ છે.

હું પક્ષનો એક નાનકડો અદનો કાર્યકર્તા છું અને રહીશ. કોઈનાં કંઈ કહેવાથી હું જતો નથી રહેવાનો. આજે હું જે કાંઈ પણ છું તે મહેસાણા અને કડીના કારણે છું. તેથી આ જનતાના હૃદયમાં છું ત્યાં સુધી મને કોઈ હલાવી શકે તેમ નથી.



## મુમનવાસ નજીક પહાડોમાં કુદરતી ધોધ સજીવન બનતા રમણીય દ્રશ્યો સર્જાયા

બનાસકાંઠાના દાંતા અંબાજીમાં ભારે વરસાદ થતા અરવલ્લીની ગિરિમાળામાં નાના મોટા ઝરણા અને ધોધ સજીવન બનીને વહેલા લાગ્યા છે જેમાં મુમનવાસ નજીક આવેલ પાણીયારી આશ્રમનો કુદરતી ધોધ પણ ભારે વરસાદમાં પગલે વહેલા લાગતા આહલાદક નજારો સર્જાયો છે જોકે ચાલુ વર્ષે વરસાદ સીઝનમાં પ્રથમ વાર આ ધોધ વહેવા લાગતા અને પહાડો પર કુદરતી પ્રકૃતિ ખીલી ઉઠવા લોકો ધોધના કુદરતી નજારાને માણવા મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

## સાન્સેરા એન્જિનીયરિંગ લિમિટેડનો આઈપીઓ ૧૪ મીએ ખુલશે

ઓટોમોટિવ અને નોન-ઓટોમોટિવ સેક્ટર્સમાં જટિલ અને મહત્વપૂર્ણ સચોટ એન્જિનીયર્ડ ઘટકોની એન્જિનીયરિંગ-સંચાલિત ઈન્ટિગ્રેટેડ ઉત્પાદક સાન્સેરા એન્જિનીયરિંગ લિમિટેડ (''કંપની'')નો આઈપીઓ (''ઓફર'') ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ ખુલશે. ઓફરની પ્રાઈસ બેન્ડ રૂ. ૨ ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરદીઠ રૂ. ૭૩૪ થી રૂ. ૭૪૪ નક્કી થઈ છે. એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શનમાં બિડ કરનાર લાયકાત ધરાવતા કર્મચારીઓને ઈક્વિટી શેરદીઠ રૂ. ૩૬નું ડિસ્કાઉન્ટ મળશે. બિડ્સ લઘુતમ ૨૦ ઈક્વિટી શેર અને પછી ૨૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે. ઓફરમાં સાન્સેરા એન્જિનીયરિંગ લિમિટેડના રૂ. ૨ ની ફેસ વેલ્યુ ધરાવતા ૧૭,૨૪૪,૩૨૮ ઈક્વિટી શેર (''ઈક્વિટી શેર'') સામેલ છે, જેમાં વિક્રેતા શેરધારકો (નીચે પરિભાષિત કર્યા મુજબ) દ્વારા ૧૭,૨૪૪,૩૨૮ ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ છે, જેમાં ક્લાયન્ટ એબેને લિમિટેડ (''સીઈએલ'') દ્વારા ૮,૬૩૫,૪૦૮ ઈક્વિટી શેર, સીવીસીઆઈજીપી ૨ એમ્પ્લોયી એબેને લિમટેડ (સીઈએલ સાથે સંયુક્તપણે, ''રોકાણકાર વિક્રેતા શેરધારકો'') દ્વાર ૪,૮૩૬,૭૨૩ ઈક્વિટી શેર, સુબ્રમોનિયા શેખર વાસન દ્વારા ૨,૦૫૮,૦૬૯ ઈક્વિટી શેર, ઉન્ની રાજગોપાલ કોઠેનાથ દ્વારા ૫૭૧,૩૭૬ ઈક્વિટી શેર, ફતહેરાજ સિંઘવી દ્વારા ૫૭૧,૩૭૬ ઈક્વિટી શેર અને દેવપ્પા દેવરાજ દ્વારા ૫૭૧,૩૭૬ ઈક્વિટી શેર (સંયુક્તપણે ''પ્રમોટર વિક્રેતા શેરધારકો'' અને રોકાણકાર વિક્રેતા શેરધારકો સાથે, ''વિક્રેતા શેરધારકો'') સામેલ છે. ઓફરમાં લાયકાત ધરાવતા કર્મચારીઓ દ્વારા ખરીદી માટે રૂ. ૯૦ મિલિયન સુધીનું કુલ રિઝર્વેશન સામેલ છે.

## પાલનપુરના વેડંચાથી હોડા જતો એપ્રોચ રોડ પર ગાબડું પડ્યું

પાલનપુર પંથકમાં ધોધમાર વરસાદ પડતા લોક માતા લડબી નદી સજીવન બની ને વહેવા લાગતા વેડંચા થી હોડા જતા માર્ગ લડબી નદીના નાળા પાસે નો એપ્રોચ રોડ ધોવાઈ જતા આ માર્ગ બંધ થઈ જતા આ માર્ગે પાંચ ગામોનો વાહન વ્યહવાર અટવાઈ જવા પામ્યો છે.

પાલનપુર તાલુકાના વેડંચા થી હોડા જતા જતા એપ્રોચ માર્ગ પર લડબી નદી પર નાળુ બનાવવામાં આવેલ છે જે નાળાને અડી ને આવેલ એપ્રોચ રોડ તાજેતરના સામાન્ય વરસાદમાં ધોવાઈ ગયો હતો જે બાદ આ માર્ગ નું સમાર કામ કરાયું હતું.

જેમાં પણ તકલાદી કામ કરાયું હોય શુક્રવારે ભારે વરસાદ ને લઈ લડબી નદીમાં વરસાદી પાણી વહેતુ થતાની સાથે જ લડબી નાળા



નો એપ્રોચ રોડ ધોવાઈ જતા ભંગાણ સર્જાયું હતું જોકે આ નાળાના કામ માં હલકી કક્ષાનુ કામ કરાયુ હોવાને લઈ બે મહિનામાં બે વાર નાળુ ધોવાઈ ગયું હોવાના સ્થાનિકો દ્વારા આક્ષેપ કરવાની સાથે જવાબદાર કોન્ટ્રાક્ટર સામે પગલા ભરવાની માંગ કરવામાં આવી હતી જોકે નાળુ બન્યાને પ્રથમ ચોમાસામાંજ બીજી વાર ભંગાણ સર્જાતા પાંચ ગામને અને ખેતરો જે જોડતો માર્ગ બંધ થઈ જતા લોકો મુશ્કેલી માં મુકાઈ જવા પામ્યા છે.

### વધુ માર્જિનથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે અને ડિપ્લોમાં સિવિલ એન્જિનિયરિંગની ડિગ્રી ધરાવે છે. તેઓ વ્યવસાયે બિલ્ડર છે.

તેમને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ ઉપરાંત રમત-ગમતનો પણ શોખ છે. તેઓ અત્યાર સુધી અમેરિકા, યુરોપ, સિંગાપોર, દુબઈ અને ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરી ચૂક્યા છે. ભૂપેન્દ્ર પટેલને ભૂતપૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના વિશ્વાસુ માનવામાં આવે છે. તેઓ શીલજ-કલ્હાર રોડ પર આવેલી આર્યમાન રેસિડન્સીમાં રહે છે.

### વેંત છેટું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પછી જ્યારે નેતાઓ બહાર આવ્યા ત્યારે તેમની બોડી લેંગ્વેન્જ ઘણું કહી જતી હતી. જોકે, એ વખતે નીતિન પટેલ તદ્દન હળવા મૂડમાં જણાતા હતા. તેમને જોઈને જોઈને એવું મનાતું હતું કે, મુખ્યમંત્રી પદે તેમનું નામ લગભગ ફાઈનલ છે. પરંતુ તેમનું પત્તુ ફરી વખત કપાઈ ગયું.આ પહેલા જ્યારે પાટીદાર આંદોલન વખતે આનંદીબેને રાજીનામું આપ્યું ત્યારે પણ મુખ્યમંત્રી પદે નીતિન પટેલનું નામ ચર્ચામાં હતું. જોકે, ભાજપે એ વખતે પણ બધાને ચોંકાવતા વિજય રૂપાણીને મુખ્યમંત્રી બનાવ્યા હતા અને નીતિન પટેલનું મુખ્યમંત્રી બનવાનું સપનું પૂરું થઈ શક્યું ન હતું.

એવું માનવામાં આવી રહ્યું છે કે, કોરોના મહામારીમાં નબળી કામગીરી સામે પ્રજાનો રોષ ફેલાયો છે, ત્યારે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે, તે સમયે જ ઉભા થયેલા સત્તા વિરોધી જુવાળને ઠારવા માટે ભાજપ હાઈકમાન્ડ કઠોર પગલાં ભરી રહ્યું છે. જેના કારણે મુખ્યમંત્રી વિજય રૂપાણીનું તો રાજીનામું લઈ લેવામાં આવ્યું, પણ તેની સાથે નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી નીતિન પટેલ પણ એટલા જ જવાબદાર હોવાનું માની ભાજપ હાઈકમાન્ડ માની રહ્યું છે.

### માહોલ સર્જાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નેતાઓની બેઠક બાદ નેતાઓ કમલમ્ ભણી હંકારી ગયા હતા જ્યાં બપોરે કોર સમિતિની બેઠક યોજાઇ હતી. મુખ્યમંત્રીપદે કોને બેસાડવાં તે અંગેના નામોની ચર્ચા સાથે આ બેઠક બાદ બપોરે ત્રણ વાગે ભાજપના વિધાયક દળની બેઠક યોજાઇ હતી જેમાં ઘાટલોડીયાના ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલનું નામ રાજ્યના નવા સુકાની તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. આ બેઠક બાદ જ્યારે ભૂપેન્દ્ર યાદવે મિડીયા સમક્ષ જ્યારે નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત કરી ત્યારે ચારેકોર આશ્ચર્યનું મોજું પ્રસરવા પામ્યું હતું. સમગ્ર ગાંધીનગરમાં આજે દિવસ દરમ્યાન માર્ગો પર સાયરનો ગૂંજતી સંભળાઇ હતી અને ગાંધીનગર શહેરમાં મનપાની ચુંટણીઓ માટે શરૂ કરાયેલા ભાજપ સહિત કોંગ્રેસ અને આપના ચુંટણી કાર્યાલયો પર પણ માત્ર એક જ ચર્ચા જોવા મળી હતી. શહેરમાં બે દિવસથી મનપાની ચુંટણીનો પ્રચાર પણ થંભી જવા પામ્યો હતો જેમાં ભાજપ તો ઠીક પરંતુ કોન્ગ્રેસ અને આમ આદમી પાર્ટીનો પ્રચાર પણ થંભી ગયેલો અનુભવાયો હતો. સવારથી જ શહેરમાં ચાની કિટલીઓ, પાનના ગલ્લાં, જાહેર સ્થળો તેમજ ચૌરેને ચૌટે માત્ર અને માત્ર 'કૌન બનેગા મુખ્યમંત્રી'ની જ ચર્ચા 'ટોક ઓફ ધ ટાઉન' બની હતી અને સૌની નજર ટીવી ન્યુઝ અને મોબાઈલ સ્ક્રિન પર જ ચોંટેલી જોવા મળી રહી હતી. સોશિયલ મિડીયા પર પણ સતત નવા નવ મેસેજિસની આપ-લે ચાલું રહી હતી.

### પ્રશ્નપત્રો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સામાન્ય રીતે કેમેસ્ટ્રીમાં ગણતરીવાળા પ્રશ્નો વધુ પુછાતા નથી જયારે એક પ્રશ્ન એવો હતો કે જવાબ ઉંડાણપુર્વકની ગણતરીના આધારે મળે તેમ હતો. આ બન્ને પ્રશ્નપત્રોના જવાબ આપવાનુ ઝડપી વિદ્યાર્થીઓ માટે પણ મુશ્કેલ બન્યુ હતુ અલબત્ત હોંશિયાર વિદ્યાર્થીઓને પણ સમયસર પેપર પુરુ થાય તેમ ન હતુ. સમય ખુટ્યો હતો. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આ વર્ષે કોરોનાના લીધે પરીક્ષાઓ રદ કરવામાં આવી હતી જયારે બોર્ડ પરીક્ષા રદ કરાયા બાદ વિદ્યાર્થીઓ સંપુર્ણ નીટની તૈયારીમાં લાગી ગયા હતા. જેના લીધે વિદ્યાર્થીઓને સમય વધુ મળ્યો હતો. જો કે નીટની પરીક્ષાનુ મેરીટ પણ ઉંચુ જશે તેમ પણ શિક્ષણ જગતના તજજ્ઞો માની રહ્યા છે. નીટની પરીક્ષા એકંદરે વિદ્યાર્થીઓ માટે લેન્ધી અને અઘરી પુરવાર થઈ હતી.

### નવા પટેલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભૂપેન્દ્ર પટેલ વિશે રૂપાણીએ કહ્યું કે, તેઓ સરળ વ્યક્તિત્વ ધરાવે છે. તેમને કામગીરીનો બહોળો અનુભવ છે.

મહત્વનું છે કે, મુખ્યમંત્રીની રેસમાં સીઆર પાટીલે પોતે રેસમાં ના હોવાની વાત કર્યા બાદ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા, પુરુષોત્તમ રુપાલા સહિત આરસી ફળદુ, પૂર્વ મંત્રી ગોરધન ઝડફિયા અને લક્ષ્યદ્વીપ એડમિનિસ્ટ્રેટર પ્રફુલ પટેલ એમ પાંચ પાટીદાર નેતાઓના નામ રેસમાં સૌથી આગળ હતા. જો કે, ભાજપે ફરી એકવાર સરપ્રાઈઝ આપી છે. જણાવી દઈએ કે, શનિવારે વિજય રૂપાણીએ મુખ્યમંત્રીના પદ પરથી રાજીનામું આપ્યા બાદ આજે વહેલી સવારે ભાજપ કમલખ ખાતે કેન્દ્રીય મંત્રી નરેન્દ્રસિંહ તોમર નિરીક્ષક તરીકે આવ્યા હતા.

તેમણે સવારે મીડિયાને જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય તરીકે વર્તમાન સ્ન્છની પસંદગી કરવામાં આવશે. જેથી નીતિન પટેલ, આર.સી. ફળદુ સહિતના અનેક નામો સીએમના નામની રેસમાં હતા. દરમિયાન પહેલા કોર કમિટીની બેઠક યોજાઈ હતી જેમાં દિલ્હીથી આવેલા નામનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો અને ત્યારબાદ ધારાસભ્ય દળની બેઠક મળી હતી. જેમાં મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલના નામની જાહેરાત કરવામાં આવી હતી.